ક્રમાંક-૧૧

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**ગુરુવાર, તા. ૧૨મી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ-૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા તારાંકિત પ્રશ્નો અગ્રતાક્રમ ૧૦થી ૨૩૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશકુમાર રાવલે સમિતિનો ચોથો અને પાંચમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૩. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશકુમાર રાવલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની
સમિતિના ચોથા અને પાંચમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૨૦-૨૦૨૧ના વર્ષ માટેના અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૨, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૩ તથા જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૪ રાજ્ય કક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક- ૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬ અને ૨૮, માગણી ક્રમાંક-૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦ અને ૫૨ તથા માગણી ક્રમાંક-૪૪ પરની કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૮ અને ૫૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી જેઠાભાઇ આહિર(ભરવાડ)
(૩) શ્રી પુંજાભાઇ વંશ
(૪) શ્રી હર્ષ સંઘવી
(૫) શ્રી લલીત કગથરા
(૬) ડો. અનિલ જોષીયારા

ત્યારબાદ રાજ્ય કક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ચર્ચાનો જવાબ આપ્યો. (પ્રવચન અધૂરું)

**૫. સભાગૃહનો સમય લંબાવવા અંગે**

રાજ્ય કક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા ત્યારે સભાગૃહનો વિરામનો સમય થવા આવતાં, માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ માગણીઓ પરની ચર્ચા અને મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની દરખાસ્ત કરતાં, સભાગૃહની અનુમતીથી માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવ્યો.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક- ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫,

૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૮ અને ૫૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૪૨, ૪૩ અને ૪૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**(વિરામ બપોરના ૨.૩૧થી ૩.૦૦)**

**૭. બિન સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો**

૧. સભ્યશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૮નું ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો.કીરીટકુમાર પટેલ
(૨) શ્રી વલ્લભભાઇ કાકડીયા
(૩) શ્રી બ્રિજેશ મેરજા
(૪) શ્રી પરેશ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)

ચર્ચાનો જવાબ રાજય કક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

૨. સભ્યશ્રી નૌશાદ સોલંકીએ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૨–સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ પેટા–યોજના અને આદિજાતિ પેટા–યોજના (નાણાકીય સાધનોના આયોજન, ફાળવણી અને ઉપયોગ) બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી હિતુ કનોડીયા
(૨) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૩) શ્રી જીગ્નેશકુમાર મેવાણી
(૪) શ્રી નરેશભાઇ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે આપ્યો.

ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

**૮. સભાત્યાગ**

સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૨–સન ૨૦૧૮નું ગુજરાત અનુસૂચિત જાતિ પેટા–યોજના અને આદિજાતિ પેટા–યોજના (નાણાકીય સાધનોના આયોજન, ફાળવણી અને ઉપયોગ) બાબત વિધેયકનો સભાગૃહ દ્વારા અસ્વીકાર થતાં, શ્રી ઇમરાન ખેડાવાલા સિવાયના વિપક્ષના સભાગૃહમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

**૯. બિન સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો (ક્રમશઃ)**

૩. સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૪–સન ૨૦૧૮નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા) બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૨) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૩) શ્રી પૂર્ણેશ મોદી

ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, શુક્રવાર, તા. ૧૩મી માર્ચ ૨૦૨૦ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૫૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૨મી માર્ચ , ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**